### ટુર ડી પોળો ગ્રીન સાયકલ રેસનું સમાપન

# વિજયનગરની પોળોને પાંચ કરોડના ખર્ચે વિકસાવાશે : બંછાનિધિ પાની

**ગ્રીન રેસના વિજેતાને રૂ. ૧ લાખથી વધુના ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા : ગ્રીન સાયકલ રેસના પ્રથમ વિજેતાને રૂ. ૧ લાખનું પ્રોત્સાહન ઈનામ સહિત રૂ. ૩ લાખથી વધુના ઈનામો**








(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

હિંમતનગર, તા. ૧૨

પ્રજાસત્તાક પર્વ રાજ્ય મહોત્સવની ઉજવણી સાબરકાંઠા અને અરવલ્લીના સંયુક્ત ઉપક્રમે યોજાઈ રહી છે તે અંતર્ગત જિલ્લા વહિવટીતંત્ર દ્વારા પ્રકૃતિના સંવર્ધન અને ઐતિહાસિક વારસાને જાળવવા માટે વિજયનગર ત્રણ રસ્તાથી પોળો સુધી ૬૫ કિ.મી. ગ્રીન સાયકલ રેસ સ્પર્ધા યોજાઈ હતી. જેની પૂર્ણાહૂતિ પોળો ખાતે કરાઈ હતી.

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર ખાતે આવેલી પોળોના ભવ્ય વારસાને ઉજાગર કરવા ટુર ડી પોળો ગ્રીન રેસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેસના સમાપન પ્રસંગે સાયકલિસ્ટોને વિવિધ પ્રોત્સાહન અને પ્રમાણપત્રો આપતા જિલ્લા સમાહર્તાએ વિજયનગરની પોળોને રૂ. પાંચ કરોડના ખર્ચે પ્રવાસ ધામ તરીકે વિકસાવવાની જાહેરાત કરી હતી.

સાબરકાંઠા જિલ્લાના આ છેવાળા એવા વિજયનગર તાલુકો અમુલ્ય કુદરતી સંપદાઓથી ભરપુર છે. આ વારસાના જતન સાથે લોકોમાં પ્રકૃતિ પ્રત્યે પ્રેમ કેળવાય તે હેતુથી પોળોને પ્રવાસન ધામ વિકસાવી વિવિધ સુવિધાઓ જેવી કે, વન કુટીર, ચેકડેમ સહિત અનેકવિધ કાર્યોનું નવ નિર્માણ હાથ ધરવામાં આવશે. ઐતિહાસિક ધરોહર માન વિજયનગરની પોળોને ટુરીઝમ સરકીટ બનાવી વિશ્વ ફલક પર ઉજાગર કરવામાં આવશે.

પ્રોફેશનલ વર્ગ ૬૫ કિ.મી.ની સાયકલ રેસમાં મેરઠના શ્રી સચિન કુમારે રૂ. એક લાખનો પુરસ્કાર ઈનામ પ્રાપ્ત કર્યું હતું. ૩૦ કિમીની પુરૂષ વર્ગની રેસમાં શ્રી નયન પટેલ પ્રથમ ક્રમે અને મહિલાવર્ગમાની ૩૦ કિ.મી. સાયકલ રેસમાં કુ. પ્રજ્ઞાએ પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત કર્યું હતું.

ટુર ડી પોળો ગ્રીન સાયકલ રેસમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી નાગરાજન, અધિક કલેક્ટરશ્રી ધાનાણી, ઈડર પ્રાંત અધિકારીશ્રી ડી.એલ. પરમાર સહીત અન્ય અધિકારીઓ અને વિજયનગર ત્રણ રસ્તાથી પોળો સુધીના રાજમાર્ગ પર કતાર બંધ ઉભા રહીને સાયકલ રેસના સાહસિકોને વધાવીને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું અને ગામે ગામ આ રેસને કુતુહૂલપૂર્વક ગ્રામજનો ઉમટી પડ્યા હતા. અંતમાં આભારવિધિ ખેડબ્રહ્મામા પ્રાંત અધિકારીશ્રી પ્રજાપતિએ કરી હતી.



## ઉમરેઠમાં મુસ્લીમ સમાજ ભવનનું લોકાર્પણ

ઉમરેઠના કસ્બા તકીયા ખાતે નિર્માણ દિન સમાજ ભવનનું નામાભિધાન અને અર્પણવિધિનો કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. જેમાં કાદરી પરિવારના દાતાઓ અને મુસ્લીમ બિરાદરો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ સમારોહમાં કાદરી પરિવારના દાતાઓ મુસ્તુફા કાદરી, મહેબુબ કાદરી તેમજ નિવૃત્ત ન્યાયાધીશ એફ.યુ. મલિક, ટ્રસ્ટી એહમદમીયા કાજી, નબીભાઈ ચૌહાણ સહિત અગ્રણીઓ જોડાયા હતા. ઉમરેઠ કસ્બા મુસ્લીમ સમાજ માટે અત્યંત જરૂરી એવા આ ભગીરથ કાર્યને કાદરી પરિવાર તરફથી બાંધકામ કરાવી પૂર્ણ કરાયું હતું. જ્યારે મુસ્તુફા કાદરીએ સમાજને શિક્ષિત બનવા પર ભાર મુક્યો હતો. કાર્યક્રમના અંતે નાશીરખાન પઠાણ અને ફરીદખાન પઠાણને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. (તસવીર : શહીદ ચૌહાણ, ઉમરેઠ)

# ૮.૪૭ કરોડના ખર્ચે તૈયાર થયેલા વિવિધ કામો

### તલોદમાં ૧૪ જેટલા પ્રજાઉપયોગી કામોની લોકાર્પણ વિધિવત સંપન્ન

તલોદ, તા. ૧૨

આગામી ૨૬મી જાન્યુઆરીના રોજ ભારતના ૬૫માં પ્રજાસત્તાક દિનની રાજ્યકક્ષાની ઉજવણીના ભાગરૂપે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આયોજીત કરેલ હોઈ તે ઉજવણીના ભાગરૂપે તલોદનગર પાલિકા વિસ્તારના કેટલાક લોકઉપયોગી કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત ગત બુધવારે ઔડા અમદાવાદના ચેરમેન શ્રી ધર્મેન્દ્ર શાહના હસ્તે કરવામાં આવ્યું હતું.

તલોદ નગરપાલિકા દ્વારા તમામ વિસ્તારમાં રૂ. ૮ કરોડ ૪૭ લાક ૮૭ હજારના કુલ ૧૪ જેટલા કામો કરવાનું આયોજન પણ થયું છે. જે પૈકીનાં તૈયાર થયેલા કામોનું લોકાર્પણ અમે નિર્માણ પામનાર કામોનું ખાતમુહૂર્ત બુધવારે થયું હતું. જે માટે બનાવવામાં આવેલી ૧૪ તક્તીઓની અનાવરણવિધિ પણ થઈ હતી.

આ પ્રસંગે પૂર્વ કાયદામંત્રી વી.ડી. ઝાલા, પૂર્વ શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણ, પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ પટેલ તથા ચિફ ઓફિસર સતિષભાઈ પટેલે પ્રવચન કરીને રાજ્ય સરકારની નિતિદીતીની સરાહના કરીને તલોદ ન.પા.ને સરકારે વિવિધ વિકાસ માટે કરોડો રૂપિયા આપ્યા હોવાનું દોહરાવ્યું હતું.

લોકાર્પણ થયેલા કામોમાં શૌચાલયો, બગીચો, કેનાલ, હેલ્થ એન્ડ એજ્યુકેશન સેન્ટર, ૩ આંગણવાડી, જનસેવા કેન્દ્રો અને સી.સી. રોડોનો સમાવેશ થાય છે જ્યારે ખાત મુહૂર્તના કામોમાં પાઈપલાઈન, મશીનરી, હોલ તથા નવીન ઓરડા તથા તલોદ શહેરની પાણી પુરવઠા યોજનાં અને વિજકંપનીનાં પેટા વિભાગીય કચેરીનાં મકાનના બાંધકામનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે તલોદનગર વિસ્તારની પાણી પુરવઠાની સ્થિતિ વર્ષોથી કંગાળ બની છે. તે જ રીતે નગરના પૂર્વ તરફનાં પ્રવેશ દ્વાર આવેલ અને ઘણા સમયથી ઉજ્જડ થઈ ગયેલ પંડિત દિન દયાળ ઉદ્યાન માટે રૂપિયા ૪૨ લાખ ૬૦ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે.

# ડીસામાં આમ આદમી પાર્ટીની સભ્ય નોંધણી : લોકોનો ભારે ધસારો

ડીસા, તા. ૧૨

દિલ્હી વિધાનસભામાં સરકાર રચવા સુધીની અત્યાર સુધીની સક્ષમ કામગીરી બાદ આમ આદમી પાર્ટીએ મીશન લોકસભા ૨૦૧૪ની તૈયારીમાં આરંભી દીધી છે. ડીસા ખાતે 'આપ'ની સભ્ય નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેમાં આજરોજ જુના ડીસા ગામે સભ્ય નોંધણી ઝુંબેશમાં હજારો લોકોએ 'આપ'માં જોડાઈ કેજરીવાલના હાથ મજબુત કરવાની વાત કરી અન્યોને આપમાં જોડાવા આહવાન કર્યું હતું.

આ અંગેની મળતી વિગતો જોઈએ તો 'આપ'ની પ્રમાણિકતા અને આમ આદમી પ્રત્યેની લાગણી અને દેશમાં મોંઘવારી, ભ્રષ્ટાચાર અને ભ્રષ્ટ રાજકીય નેતા અને અન્ય રાજકીય પાર્ટીથી બાજ આવેલી પ્રજા ત્રીજા સ્વચ્છ વિકલ્પ તરીકે 'આપ'ને જોઈ રહી છે. આપે સરકાર રચી પ્રજાને કરેલા વીજળી અને પાણી અને સુરક્ષા સહિતના વાયદાઓ પૂરા કરવા માટે અરવિંદ કેજરીવાલે માંદગી વચ્ચે પણ કામગીરી ચાલુ રાખી એક આદર્શ પ્રજા સેવકનો રોલ નિભાવી રહ્યા છે. જેનાથી આમ આદમી પાર્ટી મીશન-૨૦૧૪માં સહેજ પણ કચાશ રાખવાના મૂડમાં બીલકુલ ન હોય તેમ ગુજરાતમાં પણ તેની ઝુંબેશને વેગ આપવાનું કાર્ય આરંભી દેવાયું છે.

આ અંગે ભેમાભાઈ ચૌધરી કાર્યકર્તા - 'આપ' બનાસકાંઠા વાળાઓએ જણાવેલ કે આજરોજ ડીસા તાલુકાના ડીસા શહેર અને જુના ડીસા ગામે આમ આદમી પાર્ટી કાર્યકરો દ્વારા સભ્ય નોંધણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં નોંધણીમાં સ્થાનિક નાગરિકો દ્વારા નોંધપાત્ર રસ દાખવામાં આવી રહ્યો છે. આજે એક દિવસમાં માત્ર જુનાડીસા ખાતે એક હજારથી વધુ સભ્યો આપમાં જોડાયા હતા તેમને વધુમાં જણાવેલ કે ૧૯૪૭નાં કેલેન્ડર મુજબની ક્રાંતિ ૨૦૧૪માં 'આપ' લાવી રહ્યું છે.

## પ્રાંતિજમાં વિવેકાનંદ વંદન પૂજન કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૨

પ્રાંતિજ ખાતે ૧૨મી જાન્યુઆરી સ્વામી વિવેકાનંદજીની ૧૫૧મી જન્મ જયંતિ અને આંતરરાષ્ટ્રીય યુવા દિન નિમિત્તે નગરપાલિકા દ્વારા વિવેકાનંદ વંદના પૂજન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નગરપાલિકા પ્રમુખ ગીરીશ પટેલ, અરવિંદભાઈ તથા કોર્પોરેટર, આગેવાનો યુવાનો, વેપારીઓ સહિત મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા અને સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પવામાં આવી હતી.

## મેત્રાલ નજીક અકસ્માતમાં મહિલાનું મોત

ખેડબ્રહ્મા તાલુકાના મેત્રાલ ગામ પાસે કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન બેદરકારી પૂર્વક હંકારી અજાણી રાહદારી મહિલાને ટકકર મારી હતી. જેથી મહિલાને શરીરે ગંભીર ઈજાઓ થતાં મહિલાનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયુંહતું. વાહન ચાલક ટક્કર મારી નાશી છૂટયો હતો. ખેડબ્રહ્મા પોલીસના એ.એસ.આઈ. બાબુભાઈ ગોવાભાઈએ અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ભારતમાં જેને યુવા નેતા તરીકે ઓળખવામાં આવે છે તેવા સ્વામી વિવેકાનંદજીની રવિવારે જન્મજયંતી હતી. દેશ-વિદેશમાં ભારતના પરચમને લહેરાવનારા સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતી નિમિત્તે રવિવારે ડીસા શહેરમાં સ્વામી વિવેકાનંદ સમીતી દ્વારા માનવ સાંકળનું આયોજન કરવામાં આવ્યું હતું. ડીસા શહેરના સાંઈબાબા સર્કલ નજીક વિવિધ રાજકીય પક્ષો, સામાજીક સંસ્થાઓ અને નગરજનોના સહીયારા સંગાથથી માનવ સાંકળ રચી સ્વામી વિવેકાનંદજીને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. તો આ તરફ રવિવારે સ્વામીજીની જન્મજયંતી પ્રસંગે ડીસા શહેર ભાજપ દ્વારા પણ સ્વામીજીની પ્રતિમાને ફુલહાર પહેરાવીને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો હાજર રહ્યા હતા. ડીસા કોંગ્રેસની વાત કરીએ તો ડીસા કોંગ્રેસ દ્વારા દેશના યુવા નેતા સ્વામીજીની પ્રતિમાને ફુલહાર પહેરાવવામાં આવ્યા હતા. ડીસા કોંગ્રેસ દ્વારા યોજવામાં આવેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસની સાથે સાથે આમ આદમી પાર્ટીના કાર્યકરો પણ સ્વામીજીને ફુલહાર પહેરાવવા પહોંચી ગયા હતા. પ્રથમ વખત આમ આદમી પાર્ટીએ સ્વામી વિવેકાનંદની પ્રતિમાને ફુલહાર પહેરાવીને શ્રધ્ધાંજલી આપી હતી.

## જગાણા ખાતે જિલ્લા ભાજપની સમીક્ષા બેઠક મળી : 'આપ'ની અણધારી સફળતાથી જિલ્લા ભાજપ ચિંતિત

પાલનપુર, તા.૧૨

રાજધાની દિલ્હીમાં આમ આદમી પાર્ટીને કેન્દ્ર બિંદુ બનાવી સત્તાની બાગડોર સંભાળનાર કોમનમેન અરવિંદ કેજરીવાલને લઈને દેશવાસીઓમાં ભારે ઉત્સુકતા પ્રવર્તી રહી છે. આપ પાર્ટીને મળી રહેલા પ્રચંડ જનસમર્થનને પગલે મુખ્ય રાજકીય પક્ષો ડઘાઈ ગયા છે ત્યારે આજે પાલનપુરના જગાણા ખાતે ભાજપની ચિંતન બેઠક મળી હતી.જેમાં બનાસકાંઠા લોકસભા બેઠક જાળવી રાખવા સમીક્ષા કરવામાં આવી હતી.

## પિલુદરા પ્રાથમિક શાળાના પ્રામાણિક વિદ્યાર્થીનું સન્માન કરાશે

પ્રાંતિજ, તા.૧૨

પ્રાંતિજ તાલુકાના પિલુદરા ગામે આવેલી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીની પ્રામાણિકતાને બિરદાવવા માટ સન્માન કાર્યક્રમ યોજાશે.

પ્રાંતિજ નજીક પિલુદરા પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા કાન્તાબેન દશરથભાઈ ગોસ્વામીની હાથની વીંટી શાળાના ગ્રાઉન્ડમાં બે દિવસ પહેલા ખોવાઈ ગઈ હતી જયારે બીજા દિવસે શનિવારે મેદાનમાં રમતા અને ધોરણ-૨માં અભ્યાસ કરતા સુનીલ પોપટજી મકવાણા નામના વિદ્યાર્થીને વીંટી મળી હતી. જે પ્રામાણિકતાપૂર્વક શાળાના મુખ્ય શિક્ષકને પરત આપી હતી. આથી શાળા શિક્ષકો દ્વારા આવનાર દિવસોમાં પ્રામાણિક વિદ્યાર્થીનું સન્માન કરવામાં આવશે.

# વેપારીઓના ઉગ્ર વિરોધથી પાલિકાએ વેરો વધારવાની દરખાસ્ત મુલત્વી રાખી

તલોદ, તા.૧૨

તલોદ નગરપાલિકાની મળેલી મિટિંગમાં શહેરની જનતા અને વેપારીઓ ઉપર કરવેરા વધારવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. આ કરવેરાના કારણે તલોદ શહેરની જનતા અને વેપારીઓમાં ઉગ્ર રોષ જોવા મળતો હતો. જેના કારણે હાલ પૂરતા કરવેરા વધારવાની દરખાસ્ત પાલિકા દ્વારા મુલતવી રાખવામાં આવી છે.

સાબરકાંઠા જિલ્લાના તલોદમાં ભાજપ શાસિત નગરપાલિકા દ્વારા હાલમાં શહેરની જનતા અને વપારીઓ ઉપર કરવેરા નાખવાની દરખાસ્ત મુકવામાં આવી હતી. પાલિકા દ્વારા અતિ સમૃદ્ધ વિસ્તાર, મધ્યમ વિસ્તાર અને નબળા વર્ગ એમ ત્રણ વિભાગમાં કરવેરા નાખવામાં આવવાના હતા. તલોદ શહેરના નગરજનો અને વેપારીઓએ આ કરવેરા સામાન્ય માણસની કમર તોડી નાખશે તેવું લાગતા વિરોધ કરવામાં આવ્યો હતો. જેના પગલે પાલિકાએ તુરંત કરવેરા વધારવાની દરખાસ્ત મુલત્વી રાખતા વેપારીઓ અને નગરજનોમાં આનંદ છવાઈ ગયો હતો.

# અકસ્માતોની વણથંભી વણઝાર વચ્ચે બનાસકાંઠા જિલ્લામાં ૨૫માં માર્ગ સલામતી સપ્તાહનો પ્રારંભ


પાલનપુર, તા.૧૨

જિલ્લામાં અકસ્માતોની વણથંભી વણઝાર વચ્ચે સરકારી રાહે બીબા ઢાળ ઉજવણીરૂપે આર.ટી.ઓ. કચેરી અને બનાસકાંઠા પોલીસ દ્વારા ૨૫મો માર્ગ સલામતી સપ્તાહનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેનું ઉદઘાટન રાજયકક્ષાના મંત્રી પરબતભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

પાલનપુરમાં માર્ગ સલામતી સપ્તાહનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લાના વતની અને રાજયકક્ષાના મંત્રી પરબતભાઈ પટેલે પહેલે આપનો અભિગમ અપનાવી સ્વયં શિસ્ત કેળવવા પર ભાર મુક્યો હતો. માર્ગ સલામતી ટાણે આરોગ્ય પરિવાર કલ્યાણની ગુલબાંગો પોકારી હતી. તેમણે મિડીયાએ પુછેલા સવાલમાં શહેરની સિવિલ હોસ્પિટલમાં બંધ પડેલી બ્લડ બેંક અને લાયસન્સ અંગેના પ્રશ્નોમાં મૌન સેવ્યું હતું. આ પ્રસંગે સાંસદ હરિભાઈ ચૌધરી, ધારાસભ્ય મહેશભાઈ પટેલ, હસમુખ પઢિયાર, આર.ટી.ઓ. એમ.એન. નલવાયા, અશોકભાઈ યાદવ સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



પ્રાંતિજ તાલુકાના સાંપડ અને વાઘપુર ગામની સીમમાંથી પસાર થતી નદીમાંથી બિન અધિકૃત રીતે રેતી ચોરી કરી ભરી ત્રણ ટેન્કર જતા જેને જિલ્લા ખાણ ખનિજ વિભાગની ટીમે પકડી પાડયા હતા અને ત્રણેય ટ્રકને પ્રાંતિજ પોલીસ મથકમાં મોકલી આપી હતી. (સંજય રાવલ)